નમસ્કાર ગાંધીનગર

પમરાટ

જિંદગાનીને દુલ્હનની જેમ શણગારી 'ગની'
એને હાથોહાથ સોંપી દેવાની,એ જેમના ઘરની હતી !
- 'ગની' દહીંવાલા

પાથેય

- રમેશ ઠક્કર

સ્વજનના ઘર તરફ...

જીવનની ક્ષણભંગુરતા ઘણીવાર અકળાવે છે.જે જન્મે છે એ જીવે છે અને છેવટે મૃત્યુ પામે છે..જીવનનો ભલે આ ટુંકસાર છે છતાં એમ કોઈ જીવનને આટોપી લેતા નથી..જન્મથી મરણ સુધીનો જે પટ છે એમાં અનેક ભાતીગળ વૈવિધ્ય ભર્યું હોય છે..માણસ એને સજાવતો રહે છે.શિલ્પકાર જે રીતે કોઈ મૂર્તિને ઘાટ આપતો રહે છે અને છેવટે એને રંગોની સજાવટ સાથે આખરી ઓપ આપે છે એવું જ સર્જકકર્મ ઈશ્વર આપણી સાથે કરે છે.વ્હેલસોયી આપણી જિંદગીને આપણે કેટકેટલાં લાડ લડાવવા રહીએ છીએ..કવિના શબ્દોમાં કહીએ તો કોઈ નવી નવેલી દુલ્હનની માફક એને મેકઅપ,ઘરેણાં,અને પીઠી ચોળીને જાજરમાન બનાવીએ છીએ..અને કોઈ અણધારી પળે એ પંચતત્ત્વમાં ભરીને વિલય થઈ જાય છે..સાસરે વિદાય થઈ જતી દુલ્હનની માફક !

આદમી ઠીક સે દેખ પાતા નહીં ઔર પરદેપે મંઝર બદલ જાતા હૈ ! બસ આ છે જિંદગી..! જીવનમાં મૃત્યુ ભલે નિશ્ચિત છે પરંતુ એ સિવાયનું તમામ અનિશ્ચિત હોય છે ! આ કશ્મકશ એ જ આપણા સહુની નિયતિ છે.માણસ વિચારે છે કંઈક અને કિરતાર કરે છે કંઈ ! અંજામ ખબર હોય છતાં એ સફરનો રોમાંચ પણ જેવાં રહે એ જ છે એની મજા !

આસ્તિક લોકો જીવનને ભગવાનની દેન માને છે..જીવ એ શિવનું છુટું પડેલું અંગ છે એમ માને છે..અને જીવન છે એ એક પ્રકારની જૂદાઈ છે..પરમાત્મા સાથેનું મિલન એ એમની તલાશ હોય છે..જુલાઈના દિવસોને એ સદકર્મ કે ઈશ્વર ભકિતથી ઉન્નત બનાવી આત્માને એ પરમ મિલન માટે સજ્જ કરે છે..અને એ રીતે જિંદગી જેની માલિકની હોય એને જ સોંપી દેવામાં એ સાર્થકતા અનુભવે છે..ઈશ્વરમાં ના માનવાવાળા પણ જાણેઅજાણે જિંદગીને એ રીતે જ લાડ લડાવી ભલે ભૌતિક રીતે જે તત્વોમાંથી એ મળી છે એને પરત કરે છે..!

માણસને સદકર્મો કે સત્સંગ પ્રભુશરણમાં લઈ જાય છે એવું શ્રધ્ધાળુઓ માને છે.એની સામે એક કલ્પના પણ જોવા જેવી છે.ઈર્ષ્યા,મોહ,લોભ,વ્યસન,પાપ જે આપણા દુશ્મનો છે એ પણ ક્યારેક વિકરાળ બનીને આપણું જ પતન કરે છે અને માણસ છેવટે તો મૃત્યુને શરણ જ થાય છે.એ રીતે આપણા શત્રુઓ પણ છેવટે તો આપણને આપણા સ્વજન એટલે કે ઈશ્વર તરફ દોરી જાય છે !

વિચારકો, સંતો, લેખકો કે શાયરો જીવનની આ ઝાકળમય પ્રકૃતિને બરાબર પારખી જતા હોય છે.આપણે સહુ ભલે રાખનાં રમકડાં છીએ પણ એને રમાડનાર આપણો રામ એટલે કે જગતનું નિયમન કરનાર સુપરપાવર છે.આયખાની દોરી કમજોર છે...એક તકલાદી તાંતણે આપણો શ્વાસ બંધાઈ રહ્યો હોય છે એ હકીકત હોવા છતાં માણસ એની જિંદગીને રોજેરોજ અવનવી રીતે સજાવતો રહે છે..એને નવો ઓપ આપતો રહે છે..એને ચાહતો રહે છે..એને ગતિમય રાખતો રહે છે..જિંદગી ભલે કોઈકની થાપણ હોય એ આપણી પાસે હોય ત્યાં સુધી તો એ જ આપણી હયાતીમાં કારણ હોય છે !

સાંસ્કૃતિક ગરિમા સાથે વૈજ્ઞાનિક અભિગમનો સમન્વય

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતને ફળ્યા છે. એમના શાસનકાળમાં એક સમયનું પરંપરાગત રાજય દેશ માટે રોલ મોડલ બની ગયું છે અને એ જોઈ આશ્ચર્યચકિત થયેલ દેશની પ્રજાને લાગ્યું કે 'નેતા હો તો ઐસા.' એમના પહેલા કઈ રાજયના મુખ્યમંત્રીને પ્રધાનમંત્રી પદ નહોતું મળ્યું એમ નહીં મુંબઈ રાજયના મોરારજી દેસાઈ અને ઉત્તરપ્રદેશના ચરણસિંહ કે વિશ્વનાથ પ્રતાપસિંહ અને કર્ણાટકના દેવગૌવડા એ પરદ પર પહોંચી તો શક્યા હતા પણ ટર્મ પૂરી નહોતી કરી શક્યા. મોદીએ રંગેચંગે બીજી ટર્મ મેળવી લીધી છે, ત્રીજી ટર્મ માટેની ભૂમિકા રચી દીધી છે અને અગાઉના વડાપ્રધાનો પૈકી એક માત્ર પંડિત નહેરુ જ વિશ્વનેતાનું બિરુદ પામી શક્યા હતા, એમની પંગતમાં પાટલો ઢાળી શક્યા છે. ગુજરાતનો તો એમને સમૂળગો કાયાકલ્પ જ કરી દીધો છે. એમણે ફક્ત મુખ્યમંત્રી પદ મેળવીને એનો ભોગવતો કરવામાં ઈતિશ્રી નહોતી માની. આવતાંવેત એમના ફળદ્રુપ ભેજામાં ઘુમરાતા વિકાસના નકશાને અંજામ આપવા એમને કમ્મર કરી. કોઈ કાળે અમદાવાદની સૂકી ભંઠ સાબરમતી જીવંત થાય એમ નહોતી તેને એમણે વહેતી કરી. એની આસપાસના ગંદા વસવાટો હટાવી રિવરફ્રંટની યોજના અમલમાં મૂકી અને અમદાવાદનો આખેઆખો નજારો જ બદલાઈ ગયો. કયારેક પહોળા થવાની શક્યતા નહોતી એવા અનેક રસ્તા એમણે લોકોની નારાજગી વહોરીને પણ પહોળા કરાવ્યા. બજારોની રોનક વધી. આટલું ઓછું હોય એમ એમણે ગુજરાતને ઉદ્યોગો અને શિક્ષણનું હબ બનાવી દીધું. અહીં વૈશ્વિક કક્ષાના ઉદ્યોગમેળા યોજાવા લાગ્યા. ગાંધીનગરની તો શિકલ જ બદલાઈ ગઈ. મહાત્મા મંદિરથી લઈ છેલ્લે સાકાર થયેલ દર્શનીય રેલવે સ્ટેશન અને સેવન સ્ટાર હોટલની સંકલ્પના અન્ય કોઈ નેતાને ભાગ્યે જ સૂઝી હોત. મોદીએ ગુજરાતને યુનિવર્સિટીઓનું ધામ બનાવી દીધું છે. જિલ્લા દીઠ ઈજનેરી અને મેડિકલ કૉલેજો ફાળવી. ચિલ્ડ્રન યુનિવર્સિટીનો વિચાર કદાચ દેશમાં પહેલી વાર આ નેતાના મસ્તિષ્કમાં સ્ફુર્યો. ગુજરાતમાં 'ગિફ્ટ સિટી' જેવા ઔદ્યોગિક સંકુલનું અવતરણ એમની જ ભેટ છે. એમણે રાજયને ફોરેન્સિક યુનિવર્સિટી પેટ્રોલિયમ યુનિવર્સિટી, લૉ યુનિવર્સિટી અને રક્ષા શક્તિ યુનિવર્સિટી આપીને ન્યાલ કરી દીધું છે. એક તરફ નિરંતર પાર્ટીને સમગ્ર રાષ્ટ્રમાં સતત પ્રગતિના પંથે લઈ જવાનો પુરુષાર્થ, બીજી તરફ વિકાસની એવી કૂચ જે અગાઉના કોઈ રાષ્ટ્રીય કે રાજયકક્ષાના કર્ણધાર પાસેથી નહોળી મળી શકી તે મોદીએ પોતાના મગજમાં વિચાર તણખો સ્ફુરતા જ સાકાર કરીને જ એક કલ્પનાશીલ નેતૃત્વ પૂરું પાડ્યું છે. રક્ષા શક્તિ યુનિવર્સિટીના પ્રથમ પદવીદાન પ્રસંગે એમને રક્ષાક્ષેત્રની વ્યાપકતા વિશે કરેલ વાતો ખૂબ જ મૌલિક અને દૂરંદેશી ભરેલી છે. રક્ષા ક્ષેત્રે વરદી અને દંડાની પડી ગયેલી નકારાત્મક છાપ સામે એમણે સ્નાતકોને ચેતવ્યા છે. એમણે રક્ષાક્ષેત્રે માત્ર ઊંચાઈ, વિશિષ્ટ જોમ ધરાવતી જાતિ કે મહિલાઓથી લઈ દિવ્યાંગો સુધી વિસ્તારવાની વાત કરી છે. આધુનિક ટેકનોલોજીના વિનિયોગ માટે હવે પેલાં પરંપરાગત ધોરણોને વળગી રહેવું જરૂરી નથી રહ્યું. મોદીએ આમ એક પરંપરાભંજક, વૈજ્ઞાનિક નેતૃત્વ પૂરું પાડ્યું છે અને સાથે જ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનો મહિમા કર્યો છે. તેઓ પહેર્યા લૂગડે ગંગામૈયાને ભાવપૂર્વક અર્ઘ્ય આપી શકે છે. પંડિત જવાહરલાલ નહેરુને કે મનમોહનસિંહને આવા કર્મકાંડોથી બચતા રહેવામાં શાણપણ વરતાયું હતું કારણ કે એથી એક ધર્મ વિશેષ પ્રત્યે શ્રદ્ધાવાન હોવાની છાપ ઊપસવાની સંભાવના હતી. મોદીએ હિંદુ હોવાની ગરિમા સાથે વિશ્વને એક મજબૂત આધુનિક ભારતની સંકલ્પના આપી છે. સરદાર પટેલનું સ્ટેચ્યુ એ એમનું પૂર્વસૂરિનું તર્પણ ઉપરાંત લોખંડી મનોબળનું પ્રતીક છે.

દિન મહિમા

● આલ્બર્ટ આઈન્સ્ટાઈનની જન્મજયંતિ - વિશ્વ વિખ્યાત વૈજ્ઞાનિક, ભૌતિકશાસ્ત્રી.

આજનું ઔષધ

● દાંતનું પેઢું સુજી ગયું હોય તો મીઠું અને હળદર પાવડર મેળવી પેઢા પર ઘસવાથી મટે છે.

ખડખડાટ

● અત્યારના છોકરાવ ઓછા માર્ક્સ આવે તો આત્મહત્યા કરી લે છે અને એક અમે હતા કે અમારા માર્ક્સ જોઈને ટીચર્સ આત્મહત્યા કરવાનું વિચારી લેતા. આ રખડેલને આટલા આવ્યા ક્યાંથી ?

આજનો વોટ્સએપ

● જેવા વર્તનની અપેક્ષા બીજા પાસે રાખો છો, પહેલાં તેવું વર્તન તમે એમની સાથે કરો.

પ્રથમ લગ્ન ચાલુ હોય તે દરમિયાન બીજા લગ્ન ગેરકાયદેસર

જે પુરૂષ જે સ્ત્રીનું પોતાની સાથે કાયદેસર લગ્ન ન થયું હોય તેની છેતરપિંડી કરીને પોતાની સાથે કાયદેસરનું લગ્ન થયું છે. તેમ તેને માનવા પ્રેરે અને તે સ્ત્રીને તેવી માન્યતા હેઠળ પોતાની સાથે પત્ની તરીકે રહેવા અથવા સંભોગ કરવા પ્રેરે, તેને ૧૦ વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની સજા કરવામાં આવશે. તથા તે દંડને પાત્ર થશે. આ ગુના અનુસાર પુરૂષ પહેલેથી જાણતો હોય છે કે, તેનું તે સ્ત્રી સાથે કાયદેસર રીતે લગ્ન થયું નથી એટલે કે તે સ્ત્રી તેની પત્ની નથી, ભોગ બનનાર સ્ત્રી એવી માન્યતા હેઠળ તેની સાથે રહેવા માટે કે સંભોગ માટે સંમતિ આપે છે. અહીં પુરૂષ દ્વારા પતિ તરીકે સ્વાંગ રચવામાં આવે છે એટલે કે છેતરપિંડી કરવામાં આવે છે.

૫૮ વર્ષનો પુરૂષ અને ૨૪ વર્ષની સ્ત્રી બંને પોતપોતાની રીતે પરણિત હતા અને બંનેના પતિ-પત્ની હયાત હતા. તેઓએ ભગવાનનાં ફોટા સમક્ષ એક બીજાને હાર પહેરાવ્યા અને તે રાત્રે સ્ત્રી પુરૂષની સાથે રહેલા. આ કેસમાં ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું કે, બંને માહિતગાર હતા કે તેમનાં જીવન સાથીની હયાતીમાં તેઓ એક બીજાને કાયદેસર રીતે પરણી શકે નહીં એટલે પુરૂષે છેતરપિંડી કરી પોતાની સાથે કાયદેસરનું લગ્ન થયું છે એમ સ્ત્રીને મનાવીને પોતાની સાથે રહેવા પ્રેરે એવો કોઈ સવાલ ઉપસ્થિત થતો જ નથી.

પ્રથમ લગ્ન પુરવાર થવું જોઈએ અને એ લગ્ન કાયદેસરનું હતું એવું પણ પુરવાર થવું જોઈએ. જો આરોપીએ કોઈ સ્ત્રીને પોતાના પતિ કે પતિ વતી સંભાળ રાખતી બીજી કોઈ વ્યક્તિ પાસે થઈ ચાલી જવા ખરેખર મદદ કરી હોય તો તે કલમ-૪૯૮ મુજબ દોષિત ઠરે છે.

કોઈપણ વ્યક્તિ પોતાના પતિ અથવા પત્ની હયાત હોય એવાં સંજોગોમાં ફરી લગ્ન કરે તો તે દ્વિપતિત્વ કે દ્વિપત્નીત્વનાં ગુના માટે તેમને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારનાં ગુનામાં કલમ-૪૯૪ મુજબ સજા અને દંડને પાત્ર ઠરશે. આ કલમ હેઠળનાં ગુના બનવા માટે પ્રથમ લગ્ન કાયદેસરનાં હોવા જોઈએ. એ કાયદેસરનું લગ્ન ચાલુ હોય તે દરમિયાન બીજા લગ્ન કરવામાં આવેલા હોવા જોઈએ. જે વ્યક્તિનું તેના પતિ કે પત્ની સાથેનું લગ્ન હકૂમત ધરાવતી અદાલત દ્વારા રદ બાતલ ઠરાવવામાં આવ્યું હોય અથવા તો કોઈ વ્યક્તિ પોતાના અગાઉનાં પતિ કે પત્નીની હયાતીમાં બીજા લગ્ન કરે અને જો આવા અગાઉનાં પતિ કે પત્નીનાં સાત વર્ષ સુધી કોઈ ખબર-અંતર કે ભાળ મળ્યા ન હોય તો તેને આ લાગુ પડતી નથી, પરંતુ આવા સંજોગોમાં બીજા લગ્ન કરનાર વ્યક્તિએ તે જેની સાથે લગ્ન કરે છે તેને આ હકિકતની જાણ કરવી જોઈએ. આ કલમ હેઠળનાં આ ગુના અંગેની ફરીયાદ ભોગ બનનાર વ્યક્તિ કરી શકે છે પણ તે જો કાનૂની રીતે અસમર્થ હોય તો અદાલતની પરવાનગી અન્ય વ્યક્તિ તેના માતા-પિતા, ભાઈ, બહેન પણ ફરીયાદ કરી શકે છે.

અગાઉની કલમ-૪૯૪ કરતાં આ કલમ વધુ ગંભીર કલમ છે. જ્યારે એક વ્યક્તિ કોઈ બીજી વ્યક્તિ સાથે બીજા લગ્ન કરી અને તેના અગાઉનાં લગ્નની હકીકત છુપાવે તે એક જાતની છેતરપિંડી જ કહેવાય. આના માટે કલમ-૪૯૫ મુજબ દસ વર્ષ સુધીની બે માંથી કોઈપણ પ્રકારની શિક્ષા દંડને પાત્ર બને છે, પરંતુ જો સામેની વ્યક્તિ એવું જાણતી હોય કે આ વ્યક્તિના બીજા લગ્ન છે તો આ કલમ અનુસારનો ગુનો બનતો નથી. પ્રથમ પત્ની હયાત હોવાં છતાં તે અવસાન પામી છે કે કાયદેસર રીતે છૂટાછેડા લીધા ન હોવા છતાં તેવી હકિકત જણાવવી, તે આ કલમ અંતર્ગત પ્રથમ લગ્ન હકિકત છુપાવવા બરાબર છે.

પરણિત સ્ત્રી કે પુરૂષે એક લગ્ન ચાલુ હોય તે દરમિયાન અન્ય પુરૂષ કે સ્ત્રી સાથેનું સહજીવન જીવવા માટે લગ્ન કે લગ્નની લાલચ આપે તો આવા સંબંધને વ્યભિચાર જ ગણાય છે. કાયદેસરનાં છૂટાછેડા મેળવ્યા સિવાયનાં બીજા લગ્ન સ્ત્રી કે પુરૂષનાં હોય તે ગેરકાયદેસર જ ગણાય છે. આગલા લગ્નની હકિકત છૂપાવીને બીજી વ્યક્તિ સાથે બીજા લગ્ન કરવા તે પણ કલમ-૪૯૪ મુજબ ગંભીર અપરાધ છે અને તેને છેતરપિંડી ગણી શિક્ષાપાત્ર દંડ તથા સજાપાત્ર ગુનો ગણવામાં આવે છે. તેમજ કાયદેસરની હિન્દુ શાસ્ત્રક્ત વિધિ અનુસાર લગ્ન કર્યા હોવાનો ભ્રમ ફેલાવી કોઈની સાથે છેતરપિંડીથી લગ્ન કરવાં એ દૂષ્કર્મ કરવા બરાબર છે. તેમજ કપટપૂર્વક ખોટી રીતે લગ્નની વીધિ કરાવવી તે પણ એક ગુનો બને છે. કારણે કે કાયદેસરનાં લગ્ન થયેલા ના હોય કાયદેસરની માન્યતા મળતી ના હોય પોતાની જવાબદારીમાંથી છટકવા માત્ર સ્ત્રી પાત્રને ભ્રમિત કરી માત્ર લગ્ન સુખ ભોગવવાનાં બદ ઈરાદે કરેલા કૃત્ય બદલ કલમ-૪૯૬ મુજબ સાત વર્ષની સજા તેમજ દંડની જોગવાઈ છે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
- info@trivediassociates.in

"એની હાજરીની એટલી અસર થાય છે, સ્ત્રીના આગમનથી જ મકાન ઘર થાય છે"

"એની હાજરીની એટલી અસર થાય છે,
સ્ત્રીના આગમનથી જ મકાન ઘર થાય છે ."
- ડો. હિતેશ પટેલ 'હિત'

૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની વિશ્વભરમાં માનભેર ઉજવણી થઈ. ભારત દેશમાં તેમજ ગુજરાતમાં પણ નાના-મોટા કોઈ પણ ક્ષેત્ર વિશિષ્ટ કામગીરી કરનાર તમામ સ્ત્રીઓને બિરદાવવાનો ઉપક્રમ યોજાયો. શહેરોમાં અને અમુક ગામડાઓમાં પણ આજે કન્યા કેળવણીનો સંદેશ સમાજના ખૂણે ખૂણે પ્રસર્યો છે એમ આપણે ગૌરવપૂર્વક કહી શકીએ. અલબત્ત, સ્ત્રીને મારઝૂડ કરવી, તેના પર અત્યાચાર ગુજારવો, તેની છેડતી થવી આ બધી બાબતો આજે પણ આપણી આસપાસ બનતી જોવા મળે જ છે. પણ જે રીતે આપણામાં પ્રચલિત એવી બહુપત્નીત્વ પ્રથા નાબૂદ થઈ છે તે જ રીતે સમાજમાં સ્ત્રીને થતા અન્યાયનો પણ એક દિવસ ચોક્કસ અંત આવશે એવો એક સ્ત્રી તરીકે મારો દઢ વિશ્વાસ છે !

સ્ત્રી સશક્તિકરણ તેમજ મહિલાઓના હકની વાતો કરનાર તમામ મહિલાઓની સાથે સંકલાયેલ ઘર-પરિવાર તેમજ અન્ય મદદરૂપ બનનારા તમામ પુરુષો પણ પ્રશંસાને પાત્ર કામગીરી શાંત રીતે કરી રહ્યા છે. સ્ત્રી અને પુરુષ એકબીજાના પૂરક છે માટે એકબીજાના સહકાર વગર સ્ત્રીની આ યાત્રા કયારેય સફળ ન જ બની શકત એ આપણે સૌએ સ્વીકારવું જ રહ્યું. અને આજે આ તબક્કે એ કહેવું પણ એટલું જ મહત્ત્વનું છે કે સ્ત્રીને જયારે ઉડવા માટેનું આકાશ અને પાંખો મળી છે ત્યારે તેને સહકાર આપનાર પુરુષ પ્રત્યે અયોગ્ય કે અણછાજતું વર્તન ન જ કરવું એમ પણ હું દઢપણે માનું છું. જે રીતે પુરુષનું સ્ત્રી પર હાથ ઉપાડવું આપત્તિજનક છે તે જ રીતે સ્ત્રી શાબ્દિક પ્રહારથી પુરુષની સંવેદનાને દુભવે તે પણ વ્યાજબી નથી જ. એ આપણે સ્વીકારવું જ રહ્યું !

મહિલા માટેના ક્રાંતિકારી યુગમાં એક મહિલા તેના પરિવારની અન્ય મહિલા માટે તેમજ સાથે કામ કરનાર મહિલા સાથે પણ આજે વધુ સંવેદનશીલ બની છે એ આજના સમયની સૌથી મોટી ભેટ ગણી શકાય. બે સ્ત્રી ભેગી મળીને નિંદા-કૂથલી કરે કે ઝઘડે એ સમય હવે ગયો. અને

સ્ત્રીઓ સાથે મળીને અન્ય સ્ત્રીને મદદરુપ બને એવા પ્રયાસો આપણે ચારેબાજુ થતા અનુભવીએ છીએ. સાંસ્કૃતિક રાજય ગુજરાતના મોભ સમા આપણા હરિયાળા પાટનગર ગાંધીનગરમાં પણ આવું જ એક સુંદર આયોજન ગઈકાલે સેક્ટર-૫ના ખોડિયાર મદિર ખાતે યોજાયું જે એક પ્રશંસનીય બાબત ગણી શકાય. આ આયોજન અખિલ ભારતીય ચારણ ગઢવી મહિલા મહાસભાના અમદાવાદ, નરોડા અને ગાંધીનગર ટીમના સંયુક્ત ઉપક્રમે યોજાઈ ગયો. વિશ્વ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી આ સમગ્ર ટીમ દ્વારા ગઈકાલે સુંદર રીતે કરવામાં આવી.

અખિલ ભારતીય ચારણ મહિલા મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીમતી ચંદ્રિકાબેન કે ગઢવીની દીર્ઘદષ્ટિ, દુરદર્શિતા અને અથાગ પરિશ્રમના ફળ સ્વરુપે સમગ્ર રાષ્ટ્રમાં ચારણ બહેનો એક પરિવાર બની એક ગ્રુપમાં સ્નેહરુપી તાંતણે બંધાઈને ભેગી થઈ. વરિષ્ઠ ઉપાધ્યક્ષ એવા રીંકુબહેન દેવલ, દમયંતીબહેન બારોટ અને અનિતાબહેન ઝુલાએ પણ તેમાં પોતાની બધી જ કાબેલિયત ઉમેરી અને પરિણામરુપે એક સુંદર સમૂહનું આયોજન થયું. ગાંધીનગર ખાતે યોજાયેલ આ નારી શક્તિના સન્માન સમા કાર્યક્રમમાં ખજાનચી એવા શ્રીમતી કુમુદિનીબહેન દ્વારા કાર્યક્રમના ખર્ચ અંગેનું સફળ આયોજન થઈ શક્યું. ગાંધીનગર ખોડિયાર મંડળના શ્રી રામદાનભાઈ તેમજ સાગરદાન ઝીબા તથા ઈન્દ્રજિતભાઈ વરસડા દ્વારા પણ કાર્યક્રમને સફળ બનાવવા માટેની મદદ મળી જે ઉલ્લેખનીય બાબત છે. અમદાવાદ અધ્યક્ષ કવિતાબહેન લાંગા અને નરોડા અધ્યક્ષ રાજલબહેન ગઢવી પણ ગ્રુપની તમામ બહેનોને કાર્યક્રમમાં ભાગ લેવા સતત પ્રોત્સાહિત કરતા રહ્યા. ગુજરાત અધ્યક્ષ મીનાક્ષીબહેન તેમજ રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ નેહલબહેન ગઢવીએ કાર્યક્રમને સફળ બનાવવા માટે બનતા તમામ પ્રયત્નો કર્યા. ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ એવા દક્ષાબહેન રામદાનભાઈ ગઢવી તેમજ ઉપાધ્યક્ષ આરતી ગઢવીએ એક અઠવાડિયાથી સતત કાર્યરત રહીને આ મોટી જવાબદારીને સહર્ષ વધાવી લીધી.જે એક પ્રશંસનીય તેમજ સરાહનીય બાબત ગણાય. આ પ્રસંગે મહેમાન વક્તા તરીકે ગાંધીનગરના જાણીતા પેથોલોજીસ્ટ ડૉક્ટર એવા ડૉ. પરાગી ગાંધીએ આવીને કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવી દીધા. તેમની પ્રોત્સાહક અને ઉત્સાહવર્ધક હાજરીથી ઉપસ્થિત તમામ બહેનોને પ્રેરણા પણ મળી. કાર્યક્રમનું સફળ સંચાલન આરતી ઈન્દ્રજીતસિંહ ગઢવી દ્વારા થયું. કાર્યક્રમમાં ડૉ. મનાલીબહેન હરેશકુમાર ગઢવીને તેમની અર્વાચીન ચારણી સાહિત્યમાં વ્યક્ત ધર્મચિંતન પરની Ph.D. માટે સન્માનિત કરવામાં આવ્યા. આ ઉપરાંત કોમલબહેન ગૌરવ ગઢવીને પોતાની કોવિડ કામગીરી માટે સન્માનિત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં પ્રસાદ તેમજ આરતી માટે સહયોગ આપનાર સમાજના મોભી વડીલ આદરણીય શ્રીમતી સુભદ્રાબહેન વસંતભાઈ ગઢવી પણ તમામ બહેનોને પ્રોત્સાહિત કરવા વિશેષ ઉપસ્થિત રહ્યા.

સમાજમાં બનતી હકારાત્મક વાતોમાં જ્યારે સહભાગી બનવાનો અવસર પ્રાપ્ત થાય છે ત્યારે આપણે કંઈક કર્યાનો આત્મસંતોષ પ્રાપ્ત થાય છે એવી અનુભૂતિ ચારણ ગઢવી સમાજની બહેનો માટે થઈ હતી. દરેકનો ઉત્સાહ જોઈ સ્વાભાવિક ગીત યાદ આવી ગયું.

આજ કલ પાંવ જમી પર નહીં પડતે મેરે...

- nehalgadhavi101@gmail.com

જૈન સાધુની હિમાલય યાત્રા : યાત્રા પછી ત્રણ ભાગમાં સતસવીર સુંદર પુસ્તક પણ લખ્યું



ગુજરાતના આચાર્ય વિજય હાર્દિકરત્નસૂરિ મહારાજ સાહેબે પોતાના ત્રણ મુનિરાજ તથા અન્ય સાધકો સાથે હિમાલયની યાત્રા કરી અને તેનું પુસ્તક લખ્યું. (જૈન સાધુની હિમાલય યાત્રા, ભાગ ૧-૨-૩. પુસ્તકનું પ્રાપ્તિ સ્થાનઃ લુણાવા મંગલ ભવન, તળેટી રોડ, પાલીતાણા. ફોન નં. ૦૨૮૪૮-૨૫૨૩૧૬ અને મોબાઈલ નંબર પ્રકાશભાઈ ૯૮૯૮૩૨૬૮૬૬) તેમની સાથે આ યાત્રામાં મુનિરાજશ્રી રત્નયશવિજયજી મ.સા., મુનિરાજશ્રી આનંદમંગલવિજયજી મ.સા. અને મુનિરાજશ્રી સ્વર્ણકલશવિજયજી મ.સા. જોડાયા હતા. આ ઉપરાંત પાલીતાણાના રાજેન્દ્ર પિતળિયા તથા લાભુભાઈ ડાભી અને વડોદરાના સંજયભાઈ પણ જોડાયા હતા.

જૈન મુનિ હિમાલય યાત્રા કરે અને તેનું સુંદર, સતસવીર વિગતવાર યાત્રાવર્ણન લખે એ ખરેખર ખૂબ મહત્ત્વની વાત છે. આ પુસ્તકમાંથી પસાર થતી વખતે ઘણી નવી બાબતો જોવા મળે છે. કદાચ પહેલી વખત કોઈ જૈન મુનિએ ઉત્તરાખંડની ચાર ધામની યાત્રા કરી હશે. ગંગોત્રી-યમનોત્રી-કેદારનાથ અને બદ્રીનાથ સુધી પગે ચાલીને જવાનો કોઈ નિયત માર્ગ ન હોવાથી જવામાં તકલીફ પડે. વળી, જૈન મુનિઓને માત્ર નેવું દિવસમાં બે હજાર કિલોમીટરની યાત્રા કરવાની હતી એટલે કે, દરરોજ સરેરાશ ૨૫ કિ.મી. ચાલવું પડે. હિમાલયમાં ઉપર તરફનું ચડાણ હોય તથા હવામાન ગમે ત્યારે બદલાય એવી સ્થિતિમાં આ યાત્રા ખરેખર વિકટ અને કઠીન જ બને.

અન્ય એક વાત મહત્ત્વની એ કે, આ જૈન મુનિઓ હરદ્વાર સુધી પહોંચવા માટે, ઓલરેડી બે હજાર કિલોમીટર ચાલી ચૂક્યા હોય. એ બે હજાર પછી વળી, બીજા બે હજાર કિલોમીટરની પદયાત્રા કરવાની હોય.

મોટાભાગના યાત્રાળુઓ પાકું આયોજન કરીને જતા હોય. ક્યારે ક્યાં પહોંચવાનું તે નક્કી હોય અને રહેવા અને જમવાની પણ સુવિધા નક્કી હોય. જ્યારે, આ યાત્રાળુઓ માટે તો એવું કોઈ આયોજન નહોતું. વળી, તેઓ દિવસમાં માત્ર એક જ વખત જમતા હતા. રાત્રિ ભોજન નહીં જ એટલે નહીં જ. દિવસે કશું ના મળે તો પણ રાત્રે ભોજન નહીં જ કરવાનું. આ ઉપરાંત પગમાં પગરખાં નહીં પહેરવાનાં. ઉઘાડા પગે હિમાલયની કઠીન યાત્રા કદાચ કોઈએ પહેલીવાર કરી હશે. ડગલે ને પગલે અનિશ્ચિત હવામાનનો સામનો કરવાનો, ગમે ત્યારે વરસાદ પડે, બરફ વર્ષા પણ થાય, પહાડો ઉપરથી પત્થરો પડે, રસ્તાઓ અત્યંત કઠીન હોય, ઘનઘોર જંગલ હોય, અજાણ્યા રસ્તે જો ચાલતા ચાલતા ભૂલા પડો તો ખોવાઈ જ જાઓ એવી સ્થિતિ હોય, ક્યાંક નદી પર કામ ચલાઉ પુલો હોય, અનેક જંગલી જાનવરો હોય, ક્યાંક ઓક્સિજન ઓછો હોય,

પગમાં ચંપલ પહેર્યા વગર, જૈન ધર્મોના તમામ નિયમોનું પાલન કરીને જૈન મહારાજે યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથની યાત્રા કરી

ચાલતી વખતે ઉપર પહાડની મહાશીલા હોય અને નીચે ઊંડી ખાઈ હોય.

ચાલતી વખતે નાના રસ્તા પર સામેથી વાહન આવતું હોય ત્યારે જોખમ ઊભું થાય... ટૂંકમાં ડગલે ને પગલે અનિશ્ચિતતા, જોખમ અને પડકારો. આવી સ્થિતિમાં ચાર જૈન મહારાજોએ બે હજાર કિ.મી.થી વધારે પદયાત્રા કરીને ચારધામ સાથે હિમાલયની યાત્રા કરી. તેઓ કહે છે કે, આ યાત્રાનું પુસ્તક લખવાનું કારણ શું ? લેખકો કહે છે, અષ્ટાપદ મહાતીર્થની સ્પર્શના, અજૈનોમાં જૈન સાધુનો પરિચય કરાવવો, જૈન સાધુને વિચરણ ક્ષેત્ર વધારવા સહાયતા કરવી, જૈન સાધુને અજાણ્યા ક્ષેત્રમાં વિહારનો ઉત્સાહ વધારવો, પ્રાચીન ઐતિહાસિક જૈન સ્થાપત્યનું અવલોકન કરવું અને ૨૨ પરિષહો ને સહવા. લેખકો કહે છે કે, બીજા કોઈ ક્ષેત્રમાં વિચરણ કરવું હોય તો બધું વિચારવાનું ના હોય, પણ હિમાલય યાત્રા માટે તો અમારે ઘણું વિચારવું પડ્યું. વ્યવસ્થા ગમે તેટલી ગોઠવી હોય, કલ્પના ગમે તેટલી કરી હોય પણ છેવટે તો હિમાલયની જે ઈચ્છા હોય તે જ થાય છે. આપણી કોઈ કારી ફાવે નહીં. આગળ શું થશે એવો વિચાર કરીને જે માણસ હિમાલયમાં જાય તેના માટે અહીં પ્રવેશ વર્જિત છે. જે થવું હોય તે થાય, હિમાલયને માણવો છે એ જ સાચું પ્રયોજન ગણાય.

તેઓ લખે છે કે, ઋષભદેવ જે ક્ષેત્રમાં ખૂબ વિચર્યા છે એવા અષ્ટાપદનાં ગિરિશૃંગો પર વિહરવાનો દેવતાય આનંદ અમારે લેવો હતો. તેઓ લખે છે કે, હિમાલયમાં દરેક વનસ્પતિ સંજીવની છે, પાણીનું એક એક ટીપું અમૃત છે, ઊંચા આકાશે અડતાં શીખરો મેરુ પર્વતની આભા ઊભી કરે છે. શીખરો પર દેખાતાં કુમળાં સૂરજ કિરણો હિમખંડની મુલાકાત લઈ રંગબેરંગી રંગોળી રચે છે. લીલાછમ કાચ જેવા આકાશની અગાધતાને આપણી આંખો માપી શકતી નથી.

લેખકોનો હિમાલય યાત્રાનો અનુભવ કેવો રહ્યો ?

હિમાલયના ઢોળાવો પર ઉગેલી લીલાછમ હરિયાળી અને વન-ઉપવનોની આભા સ્વર્ગના ક્રીડા પર્વતોની યાદ અપાવે છે. નાના નાના ખેતરો જાણે અમરાપૂરી જવાના પગથિયા ન હોય તેવા લાગે છે. પુણ્યસલીલા ધવલધારા મંદાકિનીને મળવા અને ભળવા જતા તોફાની પહાડી છોકરા જેવા ઝરણાઓનું નિસર્ગગાન કર્ણવિવરોમાં અમૃતનું સિંચન કરે છે. હિમાલયની સવાર સુમધુર હોય છે તો હિમાલયી સાંજ અદ્ભુત આનંદની પરાકાષ્ઠા હોય છે. રાત હોય છે બીહામણી અને સોહામણી. હિમાલયની ચર-અચર વાસ્તવિક સૃષ્ટિનું જાગરણ રાત્રે થાય. હિમાલયમાં વિચરણ કરનાર સાધકે રાત નિદ્રા કરવામાં કાઢવી નહિં. જીવંત હિમાલયના દર્શન નજરોનજર કરવા હોય તો રાત્રિ જાગરણ કરવું. હિમાલય દિવસે તો આભાષિક સુંદરતા લઈને ઊભો હોય પણ હિમાલયી નિસર્ગ રાત્રે સોળે કલીએ ખીલી ઉઠે. અમે લગભગ અઢી મહિના હિમાલયને માણ્યો છે. હિમાલય દાદાએ અમને લાડકોડથી ખૂબ સંભાળ્યા. બીજાઓ માટે કદાચ હિમાલય યાત્રા ભયંકર હશે. અમારા માટે તો ભદ્રંકર થઈ પડી.

હિમાલયની આ યાત્રા વિશે લખવા બેસીએ તો એક નાનું પુસ્તક થઈ જાય એટલી રસપ્રદ, પવિત્ર, નવી અને હૃદયને સ્પર્શી જાય તેવી બાબતોમાં તેમાં પડેલી છે. તેમાંથી કેટલીક બાબતોનો અહીં ઉલ્લેખ કરીએ.

- હિમાલયની યાત્રા એટલે સ્વર્ગમાં મહાલવું. હિમ મંડિત ધવલ શીખરો આભમાં વિલિન થઈ જાય ત્યારે આકાશ અને શીખરનો ભેદ ન કરી શકાય.
- વિચ્છુઘાંસ એવી વનસ્પતિ છે જેને અડવાથી વિચ્છુએ ડંસ માર્યો હોય તેવી વેદના થાય જે લાંબો સમય રહે. કેટલાક સ્થાનિક લોકો આ વનસ્પતિનું શાક બનાવીને ખાઈ જાય છે.
- એક વનસ્પતિ એવી કે જે બળતી વનસ્પતિ. તમે અડો તો દાઝી જાઓ. એની ગરમીનો ઉપયોગ કરીને તમે કશુંક કરી પણ શકો.
- જોંક નામનું જીવડું પગમાં ચોટીને લોહી પી જાય તો તમને ખબર જ ના પડે.
- હિમાલયમાં ઠેર ઠેર ઝરણા જોવા મળે.
- યમનોત્રી આગળ સપ્તર્ષિ કુંડમાં દર શ્રાવણ મહિનામાં બ્રહ્મ કમળ ઊગે છે.
- હિમાલયમાં ૧૫૦ ફૂટથી પણ ઊંચા ઊંચા વૃક્ષો થાય છે.
- નાનું ગલુડિયું રડ્યા કરતું હોય એવું એક પક્ષી બોલે છે. અહીંના પોપટ પાતળા હોય છે. લાલ શર્ટ પર કાળું જાકીટ પહેરેલું હોય એવું એક પક્ષી ખૂબ સુંદર લાગે છે.

અનુસંધાન પાના નં. ૭ પર